ગાંધીનગર સમાચાર

સિવિલ હોસ્પિટલમાં થતો પાણીનો બગાડ

આગ ઓકતી ગરમીથી શહેરમાં કરફ્યુ

ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચતા મુખ્યમાર્ગો અને સેકટરની શેરીઓમાં સુનકાર : હીટવેવથી જનજીવન મુઝાયુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં આજે પણ મહત્તમ તાપમાનનો પારો ૪૪ ડીગ્રીએ યથાવત રહેતા સમગ્ર નગરમાં ગરમીના આતંકને લઈ કરફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. હજી પણ ગરમીનો પારો નીચે ઉતરવાનું નામ જ લેતો નથી. આજે તો ગરમીએ હદ વટાવી તેના તમામ રેકોર્ડ જાણે કે તોડી નાખ્યા છે. જેને લઈ જનજીવન પણ પ્રભાવિત થયું છે. અસહ્ય ગરમીના કારણે નગરજનો બહાર નીકળવાનું પણ ટાળતા હોવાથી સમગ્ર નગરમાં બપોરના ૧૨ વાગ્યા પછી કરફ્યુ છવાયો હોય તેવું વાતાવરણ સર્જાયું હતું.

ઉનાળો આકરો અને અસહ્ય બનતા નગરજનો અંગ દઝાડતી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. સતત તાપમાન વધતા લોકો સમગ્ર દિવસ દરમિયાન શહેરમાં અગ્નિવર્ષા તથા જનજીવન જાણે અગનભટ્ટીમાં શેકાયું હોય તેવું સ્પષ્ટ થયું છે. આકરી ગરમીનો અનુભવ કરતા નગરજનો દિવસ દરમિયાન બહાર નીકળવાનું ટાળી રહ્યા છે ત્યારે વધતી જતી ગરમીની અસર શહેરના જનજીવન પર વર્તાઈ રહી છે. નગરના માર્ગો પર વાહન વ્યવહારના ધમધમાટના બદલે સુનકાર જોવા મળે છે. મોટા ભાગના રસ્તાઓ સુમસામ પણ જોવા મળી રહ્યા છે. દિવસ દરમિયાન ગરમીથી સમગ્ર શહેર જાણે ત્રાહિમામ છે. ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચતા આગ વરસતી હોય તેવો અનુભવ નગરજનો કરી રહ્યા છે. ખાસ કરીને બપોરના ૧૨ વાગ્યા પછી ગરમી અતિ તીવ્ર બનતા માર્ગો સુમસામ જોવા મળે છે. ચામડીને દાહ આપતા પવન દિવસભર ફુંકાતા લોકોમાં લુ લાગવાની દહેશત પણ રહે છે. ગરમી સામે રક્ષણ મેળવવા માટે લોકો નિનજા માસ્ક, કોટનના દુપટ્ટા, હાથ પગના મોજા સહિતની વસ્તુઓથી શરીરને કવર કરી બહાર નીકળે છે. મોડી સાંજ સુધી શહેર હીટવેવમાં સપડાયેલું જોવા મળે છે. ઢળતી સાંજ બાદ ઉનાળુ રાત્રિની રોનક નિખરી ઉઠે છે ગરમીના પ્રકોપના લીધે શહેર જાણે કરફ્યુગ્રસ્ત બન્યું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

ગાંધીનગરની ગેંગે વેપારીનું અપહરણ કરાવી ૩૫ કરોડની ખંડણી માંગી

અમદાવાદનાં વેપારીનું અપહરણ કર્યું હતું : મહિલા સહિત ત્રણેયની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી

ગાંધીનગર, તા.૧૪

અમદવાદનાં જાણીતા વેપારીનું ૧૦મી તારીખે અપહરણ થયું હતું. આ અપહરણ બાદ વેપારીના પિતાને ફોન કરીને રૂ. ૩૫ કરોડની ખંડણી માંગવામાં આવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અપહ્યુત વેપારીને અપહરણકારોના ચુંગાલમાંથી છોડાવી દીધો છે અને અપહરણકાર ગેંગને પકડી પાડી છે. એક મહિલા સહિત ત્રણ શખ્સોએ પ્રોફેશનલ અપહરણકારોની મદદ લઈ અપહરણ કરાવ્યું હતું. અપહરણ કરવામાં ગાંધીનગરની ગેંગ હોવાનું બહાર આવ્યું છે. ચોંકાવનારી વિગત તો એ છે કે પકડાયેલી ગેંગ પાસેથી એક લીસ્ટ

મળી આવ્યું છે જેમાં ૧૨ વ્યકિતઓના નામ લખેલા છે જેમનું તેઓ તબક્કાવાર અપહરણ કરવાનાં હતાં. પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

નંદન ચા-પાન મસાલાના હોલસેલનાં વેપારી તેમજ જય અંબે ફર્નીચરના માલિક લલીત હનુમાનપ્રસાદ અગ્રવાલનું ૧૦મી તારીખે ચાર શખ્સોએ મોઢા પર રૂમાલ બાંધી અમદાવાદ સ્થિત તેમની ફેકટરી પાસેથી વેપારીનું અપહરણ કરી લીધું હતું. અપહરણકારો વેપારી લલીત અગ્રવાલને ગાંધીનગરના કોઈ સુમસામ એરીયા પર આવેલા ફલેટ પર લઈ ગયા હતા. લલીત અગ્રવાલના પિતાને અપહરણકારોએ ફોન કરી રૂ. ૩૫ કરોડની ખંડણી માંગી હતી. રૂપિયાની સગવડ ન હોવાનું પિતાએ જણાવતા અપહરણકારોએ તેમની મિલ્કતોની યાદી જણાવતા તેઓ પણ ચોંકી ગયા હતા. ફોન કપાયા બાદ હનુમાનપ્રસાદે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કર્યો હતો. પોલીસે ખંડણી માંગનાર શખ્સોનો ફોન ઈન્ટરસેપ્ટ કરવાનું શરૂ કર્યું અને ગાંધીનગર સુધી તેનો છેડો મળ્યો અને ગેંગને પકડી પાડી હતી. પેથાપુર સ્થિત મહાકાળી મંદિરના મહંત કપીલદેવ શીવાકાંત પાંડે, રેલવે પોલીસના કોન્સ્ટેબલ અનુપસિંગ મનીસિંગ રાજપુત અને ગાંધીનગરના મહિલા સીમા રમેશ પટેલ ત્રણ શખ્સોએ મળીને ઉત્તપપ્રદેશની પ્રોફેશનલ ગેંગ બોલાવી અપહરણ કરાવ્યું હતું. ત્રણેય ની ધરપકડ કરી પોલીસે તપાસ શરૂ કરતા ગુજરાતના મોટા બિલ્ડર, નિવૃત્ત સરકારી અધિકારીઓ મળી ૧૨ વ્યકિતઓના નામનું લીસ્ટ તેમની પાસેથી મળ્યું છે. જેમના અપહરણનો પ્લાન પણ ઘડાઈ ચુક્યો હોવાનું જાણવા મળતા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

બોરીજ ગામમાંથી ૧૬ વર્ષની કિશોરીનું અપહરણ...!

જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હોવાની પોલીસ ફરીયાદ : ગામનાં જ યુવાન સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરનાં બોરીજ ગામમાં રહેતી ૧૬ વર્ષની કિશોરીને ગામનો જ એક યુવાન શખ્સ જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. અપહ્યુત કિશોરીની માતાની ફરિયાદ લઈને સે-૨૧ પોલીસે ગામના અપહરણકાર શખ્સ સામે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મુખ્યમંત્રી નિવાસસ્થાનને અડીને આવેલા બોરીજ ગામમાંથી ૧૬ વર્ષની કિશોરીના અપહરણની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે. બોરીજ ગામની ૧૬ વર્ષની કિશોરીને લલચાવી ફોસલાવીને ગામનો જ યુવાન શખ્સ જાર કર્મ કરવાના ઈરાદે ગામમાંથી ૯મી મેના રોજ ભગાડી ગયો હતો. હજુ સુધી તે પરત ફર્યો ન હોવાનું જાણવા મળ્યું છે. અપહરણકાર યુવાનની અપહ્યુતના પરિવારજનોએ શોધખોળ કરી પરંતુ મળી ન આવતા પોલીસનો આશરો લીધો છે. ૧૬ વર્ષની દિકરીને ભગાડી જવા અંગે માતાએ સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા સે-૨૧ પી.આઈ.એ ગામના યુવાન સામે ગુનો નોંધી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

સિવિલ હોસ્પિટલમાં થતો પાણીનો બગાડ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાણીના ધાંધિયા છે. કેટલાક વોર્ડમાં પાણીના આવતા દર્દી તેમજ સ્નેહીજનો ને ભારે હાલાકી ભોગવવી પડે છે ત્યારે સિવિલના ધાબા પર આવેલી પાણીના ટાંકીઓ ઉભરાય છે અને પાણી એટલી હદે વેડફાય છે કે નીચે પાણીનું તળાવ સર્જાય છે. ત્યારે ફરજ પર હાજર કર્મચારીઓ પાણીનો થતો બગાડ અટકાવવામાં આવે તેવી લાભાર્થીઓની લાગણી છે.

રાજયમાં અત્યારે હાલ કાળઝાળ ગરમી વરસી રહી છે.ગરમીને લીધે નાગરીકો હેરાન પરેશાન છે. શહેરમાં કેટલાંક સ્થળો પર પાણીના આવતા લોકોને દુર સુધી પાણી માટે વલખા મારવા પડે છે. રાજયમાં પણ પાણીની તંગી વર્તાઈ રહી છે. રાજય સરકાર દ્વારા સેવ વોટરના કેમ્પેઈન દ્વારા રાજયની પ્રજાને પાણીના બચાવ અંગે જનજાગૃતિ આવે તે માટે સતત પ્રયત્ન કરી રહી છે. ત્યારે પાટનગરની સિવિલમાં જ ટાંકી ઉભરાઈને પાણી નીચે આવતા પાણીના ખાબોચીયા ભરાય છે . પરંતુ વેડફાતું પાણી બચાવવાની જગ્યાએ કર્મચારીઓ જાણે મારે શું તેવી નિતિ અપનાવતા જોવા મળે છે. રાજયના કેટલાક જળાશયોમાં પાણી ના હોવાથી આસપાસના ગ્રામજનો ચિંતિત છ.જયારે ખેતી માટે અને પશુઓને પીવા માટે પણ પાણી નથી. ગામલોકો બે બે કિલોમિટર દુર ચાલીને જાય ત્યારે માંડ એક બેડુ પાણી મળે છે. પાણી અંગે કપરી પરિસ્થિતિ ઉદભવી છે ત્યારે રાજયના પાટનગરની સિવિલમાં જ થતો પાણીનો થતો બગાડ કેટલા અંશે વ્યાજબી છે. ત્યારે સિવિલના તાત્કાલીક વિભાગની પાછળ સતત પાણી વેડફાતુ જોવા મળે છે. સિવિલમાં કેટલાક વોર્ડમાં પાણી ન મળતા દર્દીઓ અને સગાઓને ભારે પરેશાની વેઠવી પડે છે. ત્યારે હોસ્પિટલમાં થતો પાણીનો બગાડ અટકે તેવી લાભાર્થીઓની લાગણી અને માંગણી છે.

જીસીપીસી એન્વીસ સેન્ટર દ્વારા કલીનર પ્રોડકશન અને ટેકનોલોજી અંગે જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજયના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગુજરાત કનીલર પ્રોડકશન સેન્ટર કાર્યરત છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે જીસીપીસીના એન્વીસ સેન્ટર દ્વારા વિજ્ઞાન એકસપ્રેસ કલાઈમેટ એકશન સ્પેશિયલ ટ્રેનના આગમન સમયે પ્રદર્શનમાં સક્રીયતાથી ભાગ લીધો હતો.

સતત વધતા જતા ઔદ્યોગિક પ્રદૂષણને નાથવા જીસીપીસી એન્વીસ દ્વારા વિવિધ પગલા ભરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર દ્વારા સ્વચ્છ ઉત્પાદનની કામગીરીના ગુજરાતના ઉદ્યોગોમાં ફેલાવો કરવામાં આવી રહ્યો છે. ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટરની સ્થાપના વર્ષ ૨૦૦૮થી કરાઈ છે. જીસીપીસીએ યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન-યુનિડોના ટેકનિકલ માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. ગાંધીનગરમાં જયારે તા. ૫ થી ૭ મે દરમિયાન વિજ્ઞાન એકસપ્રેસ કલાઈમેટ એકશન સ્પેશિયલ ટ્રેન આવી હતી ત્યારે જીસીપીસી દ્વારા સીપી અને સીટી આધારિત પુસ્તકોનું ટ્રેનના મુલાકાતીઓ સમક્ષ પ્રસ્તુતિકરણ

અને વિતરણ કરવામાં આવ્યું હતું. કલીનર પ્રોડકશન અને કલીનિંગ ટેકનોલોજી આધારિત પુસ્તિકાઓનું તેમણે નિઃશુલ્ક વિતરણ પણ કર્યું હતું. આ કાર્યમાં જીસીપીસીના સભ્ય સચિવ ડૉ. ભરત જૈનના માર્ગદર્શન હેઠળ તેમની એન્વીસ ટીમ જેમાં પ્રિયંકા જોષી, હીર દેસાઈ અને દિવ્યા પ્રજાપતિએ સક્રીય કામગીરી નિભાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટરને વર્ષ ૨૦૦૩માં કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગના મંત્રાલય તરફથી કલીનર પ્રોડકશન એન્ડ ટેકનોલોજી પરના એન્વીસ નોડ તરીકે સ્થાપના કરવામાં આવી હતી. એન્વીસ સેન્ટર તરીકે જીસીપીસીએ વન અને પર્યાવરણ તથા કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા ઔદ્યોગિક પ્રદૂષણ નિવારવા અંગે જાગૃતિ કેળવવાના હેતુને સિધ્ધ કરેલ છે. આ અંતર્ગત જીસીપીસી દ્વારા વેબસાઈટ **www.gcpc.envis.nic.in** નું પણ સંચાલન કરવામાં આવે છે. આ વેબસાઈટનું અનુકરણ કરવાનું અન્ય ૬૦એન્વીસ સેન્ટરને ભારત સરકારના વન પર્યાવરણ તથા કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા જણાવેલ છે. આ ઉપરાંત જીસીપીસી એન્વીસ ત્રિ માસિક ન્યુઝ લેટર પણ પ્રકાશિત કરે છે.

આજે ફુટબોલ કપની ફાઈનલ રમાશે

શહેરમાં આયોજિત વોસ્ટન મેમોરિયલ ફુટબોલ કપની ફાઈનલ મેચ સાંજે ૭ કલાકે રમાશે : રાજયકક્ષાની ફુટબોલ ટૂર્નામેન્ટને શહેરના યુવાનોમાં ઉત્કૃષ્ઠ પ્રતિસાદ સાંપડયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના ચ-૩ સર્કલ પાસે લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે આયોજિત વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ કપની રવિવારે સાંજે ૭ કલાકે ફાઈનલ મેચ યોજાશે. કાયઝેન ટ્રસ્ટ ફોર એજયુકેશન દ્વારા આયોજિત વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ કપ ડે-નાઈટ ફુટબોલ ટુર્નામેન્ટ થકી ગાંધીનગરના ફુટબોલ પ્રેમીઓને શહેરમાં રાજયકક્ષાની સ્પર્ધા માણવા મળી રહી છે. આ ટુર્નામેન્ટને યુવા વર્ગમાં ઘણો જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો છે.

ગુજરાત ફુટબોલ એસોસિએશન દ્વારા પ્રમાણિત ૧૬ ટીમોએ વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ કપમાં ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટૂર્નામેન્ટ ગાંધીનગરના યુવા ફુટબોલર સ્વ. વૉસ્ટન ક્રિશ્ચિયનની યાદમાં કાયઝેન ટ્રસ્ટ દ્વારા આયોજિત કરવામાં આવી છે. કાયઝેન ગ્રૂપના યુવાનો દ્વારા આખા વર્ષ દરમિયાન દરરોજ સવારે ફુટબોલની રમતની પ્રેકટીસ કરવામાં આવે છે તથા શહેરમાં ફુટબોલ શીખવા તથા રમવા માંગતા યુવાનોને પ્રોત્સાહિત કરી કોચિંગ સુધ્ધાં આપવામાં આવે છે.

વૉસ્ટન મેમોરિયલ ફુટબોલ કપમાં આંતરરાષ્ટ્રીય ફુટબોલ સંસ્થા ફીફાના રેફરી તથા ભારતની ફુટબોલ લીગ આઈએસએલના રેફરી દ્વારા સેવાઓ આપવામાં આવી રહી છે. સંપૂર્ણ પણે આંતરરાષ્ટ્રીય સ્તર મુજબ રમાયેલ આ સ્પર્ધાએ શહેરમાં અનેરી લોકચાહના પ્રાપ્ત કરી છે અને તેના કારણે રવિવારે સાંજે ૭.૦૦ વાગે યોજાનાર ફાઈનલ મેચમાં પ્રેક્ષકો મોટી સખ્યામાં ઉમટી પડશે તેમાં કોઈ બેમત જણાતો નથી.

આદિવાડા ગામમાં ડહોળા પાણીને લઈને ગ્રામજનો ચિંતિત

ગામમાં ગંદા પાણીને લઈ રોગચાળો વકરે તેવી દહેશત

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ગામમા છેલ્લા અઠવાડીયાથી પીવાનું પાણી ડહોળુ આવે છે. પીવાના પાણી લેવા માટે ગ્રામજનોને છેક કિલોમીટર સુધી દુર ફેકટરીઓમાં લાંબા થવુ પડે છે. પાણીની લાઈનમાં ભંગાણને પગલે આવી પરિસ્થિતિ સર્જાઈ હોય તેવું ગ્રામજનોને લાગી રહ્યું છે. ગંદા પાણીને લઈ ગામમાં રોગચાળો વકરે તેવી દહેશત ફેલાઈ રહી છે તેમજ ગ્રામજનોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. ગ્રામજનોની રજુઆત સાંભળનાર કોઈ નથી ત્યારે તંત્ર જો સત્વરે નહી જાગે તો આદિવાડા ગામમાં રાંધેજાવાળી પરિસ્થિતિનું નિર્માણ થાય તો નવાઈ નહી...

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોમાં પ્રાથમિક સુવિધાઓના નામે મીંડુ છે. ગામમાં રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ગટર અને પીવાના પાણીની સમસ્યા જોવા મળે છે.ઉનાળાના પ્રારંભે શહેર સહિત કેટલાક ગામમાં પીવાના

પાણીના પોંકાર ઉઠવા પામ્યા છે. ત્યારે આદિવાડા ગામમાં પાણી તો આવે છે પરંતુ આ પાણી ગ્રામજનોને પીવા લાયક નથી. છેલ્લા અઠવાડીયાથી કોઈ કારણોસર ગામમાં આવેલ સરકારી શાળાની આસપાસના મકાનો તેમજ પટ્ટણીવાસમાં રહેતા રહીશોના ઘરે ડહોળુ પાણી આવે છે. અડધો કલાકથી વધુ સમય ગંદુ પાણી આવ્યા બાદ સામાન્ય હડોળુ પાણી આવે છે આ પાણીમાં પણ અતિશય દુર્ગંધ મારતા ગ્રામજનો આ પાણી પીવાના વપરાશમાં લેતા ગભરાય છે. ગ્રામજનોની આ સમસ્યામાં હલ કરવા કોઈ કોર્પોરેટર ડોકાયા સુધ્ધા નથી તેવું ગ્રામજનોનું કહેવું છે. ગ્રામજનો આસપાસમાં આવેલ ફેકટરીઓમાંથી તેમજ મીનરલ પાણી મંગાવીને અત્યારના હાલના સમયે ચલાવે છે. ત્યારે ગ્રામજનોનું માનવું છે કે કયાંક પીવાના પાણીની લાઈનમાં ભંગાણને પગલે આ સમસ્યા સર્જાઈ લાગે છે. આદિવાડા ગામની આ સમસ્યાનો સત્વેર નિકાલ નહી કરવામાં આવે તો રાંધેજા ગામ જેવી પરિસ્થિતિ આદિવાડામાં પણ સર્જાય તો નવાઈ નહી..? આદિવાડાના ગ્રામજનોના આરોગ્ય સામે ખતરો મંડારઈ રહ્યો છે. ડહોળા પાણીને લઈ ગામમાં રોગચાળો વકરે તેવી દહેશત સેવાઈ રહી છે ત્યારે તંત્ર સફાળુ જાગીને ગામની આ સમસ્યા સત્વરે દુર કરે તેવી ગ્રામજનોની માંગણી અને લાગણી છે.

@ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગ્રીષ્મોત્સવ ઉજવણી અન્વયે સાંજે ૬.૩૦ કલાકે ગાયક કલાકાર શાન લાઈવ કોન્સર્ટ ચ-૦, ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે યોજાશે.

● વૉસ્ટન મેમોરીયલ ફુટબોલ કપની ફાઈનલ મેચ સાંજે ૭.૦૦ કલાકે ચ-૩ના મેદાન ખાતે યોજાશે.

● એટીએમ ગીટાર કલબ દ્વારા ઘ-૪ સર્કલ પાસે ગુડાના સાઈકલ શેરીંગ સ્ટેન્ડની સામેના સ્વર્ણિમ પાર્ક ખાતે સાંજે ૮.૩૦ કલાકે ગિટાર વાદનનો કાર્યક્રમ યોજાશે.

● શહેરના સેવાભાવી યુવાનો દ્વારા સે-૬ની ઝુંપડપટ્ટી ખાતે સવારે ૧૧.૦૦ કલાકે જરૂરીયાતમંદ પરિવારોને જૂના કપડાંનુ વિતરણનું સેવાકાર્ય કરાશે.

નિઃશુલ્કપણે પક્ષી પરબનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૪

નેચર એન્ડ ધ પીપલ એનજીઓ દ્વારા રૂદ્ર મોબાઈલ કેર અને હિંદ ઈન્ફ્રાકોનના સહયોગથી તા. ૧૫મેના રોજ સેકટર-૧૧ સ્થિત શાલીન કોમ્પ્લેક્ષ ખાતે પક્ષી પરબનું વિતરણ કરવામાં આવશે. આગ ઓકતી ગરમીમાં આમ પક્ષીની તરસ છીપાવવા શહેરીજનોને વિના મુલ્યે પક્ષી પરબનું વિતરણ કરવામાં આવશે.

શ્રી અરવિંદના ગ્રંથોના પરિચય માટે અભ્યાસવર્ગનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

અરવિંદ સોસાયટી, વડોદરા શાખા અને અરવિંદ મેમોરીયલ ટ્રસ્ટ વડોદરાના ઉપક્રમે અરવિંદ નિવાસ, વડોદરા ખાતે તા. ૩૦મે થી તા. ૫ જૂન દરમિયાન શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ગ્રંથોનો પરિચય આપતો સાત દિવસનો અભ્યાસ વર્ગ યોજવામાં આવશે આ અભ્યાસ વર્ગમાં જોડાવવા ઈચ્છતા અભિપ્સુ વ્યકિતઓએ તેઓના નામ શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર ખાતે તા.૨૦મે સુધીમાં નોંધાવવા જણાવાયું છે. અભ્યાસ વર્ગમાં જોડાવવા માટે વડોદરા ખાતે આવવા તથા જવાનું એસટી બસ ભાડું તથા રહેવા, જમવાનો ખર્ચ સંસ્થા દ્વારા આપવામાં આવશે. વિશેષ માહિતી માટે સંસ્થાના ચેરમેન સી.કે. તન્ના નો સંપર્ક કરવા પણ સંસ્થા દ્વારા જણાવાયું છે.

સ્વ. કાન્તિલાલ મોદીના ચક્ષુનું દાન કરાયું

ગાંધીનગરમાં સેકટર-૭-ડી પ્લોટ નં. ૧૨૦૨/૧માં રહેતા ૮૨ વર્ષીય કાન્તિલાલ સોમાભાઈ મોદીનું દુઃખદ અવસાન થયું છે. તેમના અવસાન બાદ તેમના સ્વજન દ્વારા મૃતકના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે. સ્વ. કાન્તિલાલ સોમાભાઈ મોદીના કુટુંબીજન રાજેન્દ્રકુમાર કાન્તિલાલ મોદીની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે. આ સેવા કાર્યમાં જુનિયર સિટિઝન કાઉન્સીલના રાજુભાઈ વાઘેલા તેમજ તબીબી સેવામાં ડૉ. નીરવ અને ડૉ. નિશાંતે યોગદાન આપ્યું હતું.

વાતવાતમાં

● બીજો શનિવાર હોવાથી રજાનો દિવસ હતો અને ગરમીનો પ્રકોપ યથાવત રહેતા શહેરમાં જાણે સૂનકાર વ્યાપેલો હતો. ગરમીના તીખા તેવરના કારણે માર્ગો પર બપોરના સમયે કોઈ જ ચહલ પહલ જોવા મળતી નહોતી.

● રાજયભરમાં વન્યજીવોની ગણતરી કાર્ય હાથ ધરાઈ રહ્યું છે. જેમાં ગાંધીનગરના વન્ય જીવ પ્રેમી સ્વયંસેવકોને આ કાર્યમાં સામેલ કરવામાં આવ્યા છે. યુવા વન્યજીવ અભ્યાસુ તિર્થરાજસિંહ જાડેજા દાહોદના દેવગઢબારિયા તથા વરીષ્ઠ વન્યજીવ પ્રેમી કિશોરસિંહ પઢિયાર સહિત અન્ય રણથંભોર ખાતે વન્યજીવની વસ્તી ગણતરીમાં ભાગ લેશે.

● શહેરમાં પ્રથમવાર પોલીસના સન્માન માટે જીઈ કલબ દ્વારા વિશેષ મનોરંજક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરની મહિલા પોલીસ કર્મીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

● શહેરમાં ચાલી રહેલ વોસ્ટન મેમોરિયલ ફુટબોલ કપમાં ભારતના રાષ્ટ્રીય કક્ષાના ફુટબોલ ખેલાડીઓની ઉપસ્થિતિ જોવા મળી હતી. આ ખેલાડીઓને મળીને ગાંધીનગરના યુવા ફુટબોલર્સે અતિ ઉપયોગી ટીપ્સ પણ પ્રાપ્ત કરી હતી.

● ગાંધીનગરના યુવાઓમાં સેવાકીય પ્રવૃત્તિઓ પ્રત્યેનો લગાવ વધતો જોવા મળી રહ્યો છે. રવિવારે શહેરમાં ગરીબોને કડા વિતરણથી માંડીને પક્ષી પરબ વિતરણના સેવા કાર્યો સેવાભાવી યુવાનો દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

ચિરવિદાય

- સ્વ. કાન્તિલાલ સોમાભાઈ મોદી, ઉ.વ. ૮૨
- સ્વ. વિરલબેન મુકેશજી ઠાકોર, ઉ.વ. ૧૬
- સ્વ. રમેશભાઈ ભલાભાઈ મકવાણા, ઉ.વ. ૩૦